તા. ૨૪.૦૩.૨૦૨૪

ગુજરાત સમાચાર, પાના નં. ૦૫

## IPL : મેટ્રો રાત્રે ૧૨ સુધી દોડશે જેની સ્પેશિયલ ટિકિટ

અમદાવાદ, શુક્રવાર

અમદાવાદના નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે યોજાનારી ઈન્ડિયન પ્રીમિયર લીગ-૨૦૨૪ની મેચને પગલે મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશનથી સવારે ૬:૨૦થી રાત્રિના ૧૨ સુધી ટ્રેન સેવા લંબાવવાનો નિર્ણય લેવાયો છે. આ મુકાબલા દરમિયાન પ્રેક્ષકોને સમસ્યા નડે નહીં તેના માટે આઈપીએલ મેચના દિવસોમાં પરત ફરવા સ્પેશિયલ ટિકિટ બહાર પડાઈ છે. આ સ્પેશિયલ પેપર ટિકિટનું ભાડું વ્યક્તિ દીઠ ફિક્સ રૂપિયા ૫૦ છે. જેનો ઉપયોગ ફક્ત મોટેરા સ્ટેડિયમ તથા સાબરમતી મેટ્રો સ્ટેશનથી બીજા કોઈપણ કાર્યરત મેટ્રો સ્ટેશનથી મુસાફરી કરવા થઈ શકશે. મેચના દિવસે સાંજના સમયે ટિકિટ ખરીદવા રાહ જોવાનો સમય ટાળવા મોટેરા સ્ટેડિયમ તથા સાબરમતી મેટ્રો સ્ટેશન પર અગાઉથી સવારે ૮ કલાકથી સ્પેશિયલ પેપર ટિકિટની ખરીદી કરી શકાશે. સ્પેશિયલ પેપર ટિકિટ ઉપરાંત કોન્ટેક્ટલેસ સ્માર્ટ ટોકન્સ, કોન્ટેક્ટલેસ સ્માર્ટ કાર્ડ સાથેની એન્ટ્રી પણ રાત્રે ૧૦ સુધી ઉપલબ્ધ રહેશે.